| | | |
|---|---|---|
| સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>Accredited Grade A by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય ,<br>યુનિવર્સિટીકેમ્પસ , યુનિવર્સિટી રોડ,<br>રાજકોટ – ૩૬૦૦૦૫<br>ફોન નં. ૨૫૭૮૫૦૧ થી ૧૨ (એકસ ) ૨૧૪ | |


નં જોડાણ/૫/ ૨૬૫ /૨૦૧૯

તા. ૦૯-૦૫-૨૦૧૯

વિષય :- વર્ષ ૨૦-૨૧ માટે જોડાણ અરજી કરવા બાબત.

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે અત્રેની યુનિવર્સિટીના ઓર્ડીનન્સ ૧૪૪ ની જોગવાઈ મુજબ માહે જુન – ૨૦૨૦થી આગળના એક વર્ષ, ત્રણ વર્ષ અને પાંચ વર્ષના ચાલુ/વધારાના/કાયમી જોડાણ માટે નિયત ફી સાથે, નિયત તારીખ સુધીમાં જરૂરી ફી સાથે અરજી નીચેના મુદ્દાઓ ધ્યાને લઇ કરવાની રહેશે.

૧. સલંગ્ન જે તે કોલેજની ચાલુ તથા વધારાના જોડાણની મુદત તા.૧૪-૬-૨૦૨૦ના રોજ પૂરી થતી હોય તેવી કોલેજના આચાર્યશ્રીએ ઓર્ડીનન્સમાં દર્શાવ્યા મુજબની મુદતમાં જોડાણ મેળવવા માટે નિયત અરજીપત્રકના પ્રોફોર્મા મુજબ સંપૂર્ણ વિગતો નિયત ફી સાથે અરજી કરવાની રહેશે.

૨. જે – તે કોલેજે હાલમાં ક્યા-ક્યા અભ્યાસક્રમોનું કાયમી/ચાલુ/વધારાનું જોડાણ કઈ મુદત સુધી મળેલ છે તેની વિગતો જોડાણ અરજીમાં દર્શાવવાની રહેશે.

૩. જે – તે કોલેજે અગાઉના વર્ષમાં નવા/વધારાના/ચાલુ જોડાણ મેળવવા અરજી કરેલ છે તથા કોઈ વિષય/અભ્યાસક્રમની યુનિવર્સિટી દ્વારા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરેલ હોવા છતાં રાજ્ય સરકારશ્રીની સૈદ્ધાંતિક પૂર્વ મંજૂરી મળેલ ન હોવાના કારણે તે વિષય/અભ્યાસક્રમ શીખવવાનો શરૂ કરવામાં આવેલ ન હોય તો તેની પણ વિગતો અરજીમાં દર્શાવવાની રહેશે.

૪. કોલેજ દ્વારા ક્યા ક્યા અભ્યાસક્રમો/વિષયો માટે જોડાણની અરજી કરેલ છે તે અરજીમાં સ્પષ્ટ પણે દર્શાવવાની રહેશે.

૫. કોલેજોના આચાર્યશ્રીઓએ જોડાણ અરજીમાં દર્શાવેલ અભ્યાસક્રમો/વિષયો(મુખ્ય/ગૌણ) તેમજ જોડાણના પ્રકારની જાતે ચકાસણી કરી જરૂરી ફી સાથે સમય મર્યાદામાં જોડાણ અરજી કરી તેની પાંચ નકલ યુનિવર્સિટીને મોકલી આપવાની રહેશે.

૬. ઓર્ડીનન્સ – ૧૪૪ મુજબ જોડાણ અરજી કરવાની સમય મર્યાદા નીચે મુજબ છે.

| ક્રમ | અપલોડ કરવાની છેલ્લી તારીખ | લેઈટ ફી સાથે અપલોડ કરવાની છેલ્લી તારીખ | લેઈટ ફી + પેનલ્ટી ફી સાથે અપલોડ કરવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| ૧ | ૩૧ – ઓગસ્ટ | ૩૦ – સપ્ટેમ્બર | ૩૧- ઓક્ટોબર |

૭. AICTE, NCTE, MCI વગેરે જેવી વૈદ્યાનિક સંસ્થાઓએ પણ વધારાના,ચાલુ,કાયમી જોડાણની અરજી કરવાની છેલ્લી તારીખ ક્રમ – ૬ મુજબ રહેશે.

૮. સંલગ્ન કોલેજની જોડાણ અરજી નિયત સમયમાં કરવાની રહેશે. જો સંસ્થા દ્વારા અરજી નહિ કરવામાં આવે તો માહે જુન – ૨૦૨૦ થી આગળના વર્ષના જોડાણો મેળવવા માંગતા નથી તેમ માની જોડાણ રદ કરવા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૯. સલંગ્ન કોલેજોના નવું/વધારાના/ચાલુ જોડાણના ઠરાવ અનુસાર જે કોલેજો એ શરત પરિપાલન અને નમુનો અ અને બ ના આધારો સાથે પૂર્તતા કરવામાં આવેલ નથી તેવો કોલેજોએ સત્વરે પૂર્તતા કરવાની રહેશે તેમ કરવામાં નિષ્ફળ જનાર કોલેજો સામે યુનિવર્સિટી દ્વારા જે પગલા લેવામાં આવે તે કોલેજના આચાર્યશ્રી/સંચાલકશ્રીને બંધન કર્તા રહેશે. જેની ખાસ નોંધ લેવા વિનંતી.

કુલસચિવ

પ્રતિ,

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ

નકલ સાદર રવાના:-

૧. માન.કુલપતિશ્રી/ઉપકુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-

૧. કોમ્પ્યુટર સેન્ટર ( વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી સહ ...)

K pariptr 19 16